# સુરત મહાનગરપાલિકા

## પરિપત્ર

સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભાનાં ઠરાવ નં. ૭૭૩/૨૦૨૨, તા.૨૧/૧૦/૨૦૨૨ થી સા.સ.ઠ.નં.૮૧/૯૬, તા.૨૭/૦૨/૧૯૯૬ માં જણાવેલ સેકશન ઓફિસરની લાયકાતમાં સુધારો કરી નીચે પત્રકમાં જણાવેલ લાયકાત નિયત કરવાનું ઠરાવવામાં આવેલ છે.

| | |
|---|---|
| હોદ્દો | (૪૦૨) સેકશન ઓફિસર |
| લાયકાત | માન્ય વિદ્યાપીઠનાં કોઈપણ શાખાનાં સ્નાતક.<br>સુરત મહાનગરપાલિકામાં કારકુન કેડરમાં ઓછામાં ઓછી ૧૨ વર્ષની નોકરી/ કામગીરીનો અનુભવ હોવો જરૂરી. |
| વયમર્યાદા | -- |
| પગારધોરણ | રૂા.૬૫૦૦-૧૦૫૦૦/- (પે બેન્ડ:૯૩૦૦-૩૪૮૦૦/-, ગ્રેડ પે-૪૬૦૦)<br>(પે મેટ્રીક્ષ : ૪૪૯૦૦-૧૪૨૪૦૦) |
| ભરતીનો પ્રકાર | બઢતી/ ૫૦% ખાતાકીય પરિપત્રથી |

આથી સુરત મહાનગરપાલિકામાં કારકુન કેડરમાં કામ કરતાં હોય અને ઉકત પત્રકમાં જણાવેલ લાયકાત તથા અનુભવ ધરાવતાં હોય તેવા અને રોસ્ટર અનુસાર નીચે જણાવેલ જાતિના કારકુન કેડરનાં કર્મચારીઓ પાસેથી સેકશન ઓફીસરની જગ્યાઓ પુરવા માટે પ્રતિક્ષાયાદી બનાવવાના હેતુસર નિયત લાયકાત ધરાવનાર યોગ્ય ઉમેદવારો પાસે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. સુરત મહાનગરપાલિકાની https://www.suratmunicipal.gov.in ની વેબસાઈટ પર તા.૧૫/૦૩/૨૦૨૬(સમય સવારે ૧૧:૦૦ કલાક) થી તા. ૩૧/૦૩/૨૦૨૬ (સમય રાત્રે ૧૧:૦૦ કલાક) સુધીમાં ઓનલાઈન અરજી કરવાની રહેશે. તેઓએ આવી અરજી તેઆના **વિભાગીય વડાની ભલામણ સહિત ફકત ખાતા મારફત પર્સોનેલ ઓફિસરશ્રી(રીક્રુટમેન્ટ વિભાગ)ને અચુક તા. ૦૬/૦૪/૨૦૨૬ સુધીમાં** પહોંચે તે રીતે મોકલવાની રહેશે. આ તારીખ પછી રીક્રુટમેન્ટ વિભાગમાં મળેલી કોઈપણ અરજી કોઈપણ સંજોગોમાં ગ્રાહય રાખવામાં આવશે નહી તેની ખાસ નોંધ લેશો.

**હાલ ૩૬ ખાલી જગ્યાઓ માટે જરૂરી રોસ્ટરની વિગત**

| એસ.સી. | એસ.ટી. | સા.શૈ.પ.વ. | બિન અનામત | આ.ન.વ. | કુલ |
|---|---|---|---|---|---|
| ૦૨<br>+૦૧(મહીલા) | ૦૫<br>+ ૦૨(મહીલા) | ૦૯<br>+ ૦૪(મહીલા) | ૦૭<br>+૦૩(મહીલા) | ૦૨<br>+૦૧(મહીલા) | ૩૬ |

(૧) ઉપરોકત કુલ-૩૬ જગ્યાઓ પૈકી ૦૧ જગ્યા દિવ્યાંગજન ઉમેદવારથી ભરવાની રહેશે.

(૨) આખરી પસંદગી યાદીમાંથી સરકારશ્રીની રોસ્ટર અંગેની જોગવાઈઓ ઘ્યાને લઈ સેકશન ઓફિસર કેડરની સીધી ભરતીની ૫૦% ખાલી પડતી જગ્યાઓ ઉપર નિમણુંક આપવામાં આવશે.

આથી તમામ સંબંધિત વિભાગીય વડાશ્રીઓ, ખાતાધિકારીશ્રીઓ, સેકશન ઓફિસરશ્રીઓ વિગેરેએ તેઓનાં તાબા હેઠળનાં વિભાગમાં કામ કરતાં કારકુન કેડરનાં દરેક કર્મચારીઓને આ પરિપત્રની જાણ તુર્ત જ કરવી અને ઉપર જણાવેલ તારીખ સુધીમાં અચુક આ મુજબની અરજીઓ ખાતાકીય ભલામણ સાથે ફકત ખાતા મારફત રીક્રુટમેન્ટ વિભાગમાં મળી જાય તેવો પ્રબંધ કરવાનો રહેશે. જો તેમ નહી થશે તો આ અંગેની ઉપસ્થિત થતી તમામ જવાબદારી સંબંધિત વિભાગના જવાબદાર અધિકારીની રહેશે.

ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર(ડી.),
સુરત મહાનગરપાલિકા.

નં.જીએડી/ઈએસટી/૬૬૧૯
તા.૧૧/૦૩/૨૦૨૬

ન.સા.ર. : માન.મ્યુનિ.કમિશનરશ્રી પ્રતિ,....જાણ સારૂ.
ન.સ.ર. : ડીનશ્રી(સ્મીમેર)/ તમામ વિભાગીય વડાઓશ્રીઓ પ્રતિ, ...જાણ સારૂ.
ન.રવાના : તમામ પર્સોનેલ ઓફિસરશ્રીઓ/ખાતાધિકારીશ્રીઓ/સેકશન ઓફિસરશ્રીઓ પ્રતિ...જાણ તથા તાબા હેઠળના લાગત કર્મચારીઓને તુર્ત જ સમયસર જાણ કરવા તથા ઘટિત અમલ